**નશામુક્ત વડોદરા, નશામુક્ત ગુજરાત માટે વડોદરા શહેર પોલીસનો સંકલ્પ**

# વાઘોડિયાની યુનિ.માં વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવ્યા બાદ નશાનું દૂષણ વધ્યું : ધારાસભ્ય શૈલેષ મહેતા

**જનજાગૃતિ** કાર્યક્રમ યોજવાથી સ્વસ્થ સમાજની રચના શક્ય બને : પોલીસ કમિશનર



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ યુનિવર્સિટીઓમા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં દરેક પ્રકારના વિદ્યાર્થીઓ આવતા હોય છે. પરંતુ અગાઉ આટલુ બધુ યુનિવર્સિટીઓમાં નશાયુક્ત પદાર્થોનો વેપલો થતો ન હતો. પરંતુ જ્યારેથી આ યુનિવર્સિટીઓમાં વિદેશમાંથી વિદ્યાર્થીઓ ભણવા માટે આવ્યાં છે. ત્યારેથી આ શિક્ષણ ધામ કહેવાતી યુનિવર્સિટીમાં ભણતા આ વિદેશી વિદ્યાર્થીઓ છુપી રીતે નશો કરે છે અને તેમની સાથે અન્ય વિદ્યાર્થીઓને પણ લત ચઢાવતા હોય છે. ત્યારે આ બાબતે ડભોઇના ધારાસભ્ય શૈલેષ મહેતા (શોટ્ટા)એ જણાવ્યું હતું કે વડોદરા સંસ્કારી, કલાનગરી તથા શૈક્ષણિક નગરી કહેવાય છે પરંતુ જ્યારેથી વડોદરા તથા વાઘોડિયામાં સ્થાયેલી યુનિવર્સિટીમાં વિદેશમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવતા થયા ત્યારથી જ વ્યસનનું દુષણ શહેરમાં વધ્યું છે. પરંતુ વડોદરામાં ડ્રગ્સના દુષણને કોઈપણ સંજોગોમાં નહી ચલાવી લેવાયે તેવી ગર્ભિત ચીકમી પણ આપી હતી. મે જ્યારથી વિદ્યાર્થી નેતાથી શરૂ કરી હતી ત્યારે આવી નશાની બાબત અહિયા ન હતી.

વડોદરા શહેરને નશામુક્ત બનાવવા માટે વડોદરા શહેર પોલીસ, ગુજરાત સરકાર તથા સયાજી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે "નશામુક્ત વડોદરા, નશામુક્ત ગુજરાત" સંકલ્પ કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત મલ્ટી એજન્સને સાંકળી વડોદરા શહેર માટે વિશેષ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. કાર્યક્રમ દરમિયાન ડ્રગ્સ પકડનારથી માંડી નશામુક્તિ અને રીહેબિલિટેશન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓને પ્રશસ્તીપત્ર એનાયત કરાયા હતા.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, નશામુક્તિ માટે જનજાગૃતિ કાર્યક્રમો અત્યંત જરૂરી છે. આવા પ્રયાસોથી નશાના દુષ્પરિણામો અંગે લોકોમાં સમજ વિકસે છે અને સ્વસ્થ સમાજની રચના શક્ય બને છે. વડોદરા પોલીસ, નેવી, આર્મી, આરોગ્ય, ફોરેન્સિક વિભાગ, શૈક્ષણિક સંસ્થાઓ, NGO અને જાગૃત નાગરિકોના સહયોગથી થ્રી-સ્ટેપ પ્રિવેન્શન સિસ્ટમ મારફતે નશાખોરીને નાથવા સકારાત્મક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે યુવાનોને નશાથી દૂર રાખવા સમાજના દરેક વર્ગને જવાબદારીપૂર્વક ભાગીદારી નોંધાવવાનું આહવાન કર્યું હતું.

ધારાસભ્ય શૈલેશ મહેતાએ નશાખોરીના સામાજિક દુષણ સામે એકજૂથ બનીને લડવા અપીલ કરી હતી, જ્યારે ધારાસભ્ય કેયુર રોકડિયાએ નશાને પ્રોત્સાહન આપનાર સામે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવાની જરૂરિયાત દર્શાવી હતી. કાર્યક્રમમાં સયાજી હોસ્પિટલના ડૉ. મહેશ સુથારે ATF સેન્ટરમાં અત્યાર સુધી દારૂ, ઓપિઓઇડ, તમાકુ, ગાંજા સહિત વિવિધ નશાની સારવાર માટે મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હોવાની માહિતી આપી હતી.

આ પ્રસંગે નશામુક્તિ ક્ષેત્રે કામગીરી કરનાર પોલીસ, આરોગ્ય, ફોરેન્સિક વિભાગના કર્મચારીઓ તથા NGOના સભ્યોને પ્રશસ્તીપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમમાં અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**કરૂણા અભિયાન અંતર્ગત ડો. શીતલ મિસ્ત્રીની જીવદયાળુ કામગીરી**

# ઘાયલ સમડીની જાતે સર્જરી કરી સ્નાયુ રિપેર કર્યા, ગરુડને કાર્ડિયાક મસાજ આપી જીવદાન આપ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.16

ઉતરાયણ દરમિયાન પતંગની દોરી અને અન્ય કારણોસર ઘાયલ થતા પક્ષીઓ માટે વન વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલા કરૂણા અભિયાન અંતર્ગત કમાટીબાગ ખાતે માનવતા અને તબીબી નિપુણતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. અભિયાનની મુલાકાત દરમિયાન એક સમડી અત્યંત ગંભીર રીતે ઘાયલ હાલતમાં મળી આવી હતી, જેના પાંખના સ્નાયુઓને ભારે નુકસાન થયું હતું. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્થાયી અધ્યક્ષ અને સર્જન ડૉ. શીતલ મિસ્ત્રીએ જાતે આગળ આવી સમડીની તાત્કાલિક સર્જરી કરી તેના સ્નાયુઓનું સફળ રિપેર કર્યું હતું.

તે જ સમયે એક ગરુડને ગંભીર ઈજાઓ સાથે સારવાર માટે લાવવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન ગરુડનું હૃદય અચાનક બંધ થઈ જતાં પરિસ્થિતિ ગંભીર બની હતી. આ સમયે પણ ડૉ. શીતલ મિસ્ત્રીની ઝડપી કાર્યવાહી અને કુશળતાથી કાર્ડિયાક મસાજ આપી ગરુડનું હૃદય ફરી શરૂ કરવામાં આવ્યું, ત્યારબાદ ઓક્સિજન થેરાપી આપીને ગરુડને જીવતદાન આપવામાં આવ્યું હતું.

વન વિભાગ અંતર્ગત ચાલી રહેલા કરૂણા અભિયાન



હેઠળ માત્ર આજે અને કાલે મળી કુલ ૨૯૭ પક્ષીઓની સારવાર કરવામાં આવી છે. આ સમગ્ર કામગીરીમાં ડૉ. શીતલ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ તબીબી ટીમે અવિરત સેવા આપી હતી.

પક્ષીપ્રેમીઓ અને નાગરિકોએ ડૉ. શીતલ મિસ્ત્રી તથા સમગ્ર ટીમની આ માનવતાભરી કામગીરીને ખુલ્લા દિલે સરાહના આપી છે અને કરૂણા અભિયાનને સાચા અર્થમાં 'સેવા પરમો ધર્મ'નું જીવંત ઉદાહરણ ગણાવ્યું છે.

# ચાર્જઝોને ઇન-હાઉસ પતંગ મહોત્સવ દ્વારા ટકાઉપણું અને ટીમવર્કની ઉજવણી કરી



(પ્રતિનિધિ) વડોદરા તા.16

લોકો-પ્રથમ અને ટકાઉપણું-આધારિત સંસ્કૃતિને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે ચાર્જઝોને પોતાની ઓફિસ ખાતે ઈન-હાઉસ પતંગ બનાવવાનો ઉત્સવ યોજ્યો હતો. આ પહેલ હેઠળ કર્મચારીઓ, ભાગીદારો અને ઈન્ટર્ન્સને એક મંચ પર લાવી સર્જનાત્મકતા, સહયોગ અને પર્યાવરણીય જાગૃતિને જીવંત સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન સંસ્થાની ટીમોએ ટકાઉ અને ફરીથી વાપરી શકાય તેવી સામગ્રીથી પતંગો બનાવ્યા હતા. સ્વચ્છ ગતિશીલતા, ઈલેક્ટ્રિક વાહનો અને EV ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિષયો પર આધારિત પતંગોએ ચાર્જઝોનના હરિયાળા ગતિશીલતાના મિશનને કલાત્મક રીતે રજૂ કર્યું હતું. દરેક પતંગે પર્યાવરણ માટે જવાબદાર પસંદગીઓ અને નવીનતાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં મૈત્રીપૂર્ણ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવીન ડિઝાઈન, ટકાઉપણું સંદેશ અને સર્જનાત્મકતા માટે ટીમોને માન્યતા આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિએ વિભાગો વચ્ચે સહકાર વધાર્યો અને ટીમવર્કને મજબૂત બનાવ્યું હતું. ચાર્જઝોનના સ્થાપક કિન્નરી હરિયાણીએ જણાવ્યું હતું કે, આવી પહેલો સંસ્થાની સંસ્કૃતિને મજબૂત બનાવે છે અને યાદ અપાવે છે કે ટકાઉપણું રોજિંદા સમજદાર નિર્ણયો દ્વારા જ શક્ય બને છે.

**1420 દિવસ બાદ વડોદરામાં આગમન, ભક્તિ-વ્રતો અને ભવ્ય ઉજવણી સાથે સ્વામીશ્રીનું અભિનંદન**

# 7 હજારથી વધુ ભાવિક ભક્તોએ પૂ. મહંત સ્વામી મહારાજનું ભાવભર્યું સ્વાગત કર્યું







(પ્રતિનિધિ) વડોદરા તા.16

પાંચ ખંડોમાં ભારતીય સંસ્કૃતિના ધ્વજ પતાકા લહેરાવનાર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આશરે ૧૪૨૦ દિવસ બાદ વડોદરા પધારતા, અટલાદરા સ્થિત મંદિર પટાંગણમાં ઉપસ્થિત સાત હજારથી વધુ ભાવિક ભક્તોએ અદ્વિતીય અને અભિનવ સ્વાગત કર્યું હતું.

શુક્રવારે બપોરે ૧૨.૦૦ વાગ્યે અમદાવાદથી વડોદરા પધારેલા મહંત સ્વામી મહારાજને ૯૨ બુલેટ બાઈક સવાર યુવાનોએ મંદિર પરિસર સુધી એસ્કોર્ટ આપી ભવ્ય સ્વાગતનો શુભારંભ કર્યો હતો. ઢોલ-શરણાઈના નાદ અને ફટાકડાની આતશબાજી વચ્ચે સ્વામીશ્રી મંદિર પરિસરમાં પ્રવેશ્યા હતા. ત્યારબાદ તેમણે સર્વપ્રથમ મંદિરમા બિરાજમાન પ્રભુ પ્રતિમાઓના દર્શન કર્યા હતા.

પછી પોડિયમ પર નિર્મિત સુશોભિત મંચ પર બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું અટલાદરા મંદિરના પૂજ્ય સંતોએ પુષ્પહાર અર્પણ કરીને સન્માન કર્યું હતું. મહંત સ્વામી મહારાજના ૯૨મા જન્મજયંતી મહોત્સવના અવસર પર ભક્તોએ વિશેષ ભક્તિ વ્રતો દ્વારા સ્વાગત કર્યું હતું.

મહંત સ્વામી મહારાજ ૧૪૨૦ દિવસ બાદ પધાર્યા હોવાને કારણે ૪૭ બાલ-યુવાનો દ્વારા ૧૪૨૦ દંડવત, અનેક ભાવિક ભક્તો દ્વારા ૯૨ કલાકના નિર્જળ ઉપવાસ, તેમજ પ્રમુખ એકેડેમીના વિદ્યાર્થીઓ દ્વારા વિશેષ વાંચન વ્રત અંતર્ગત ૧૫૩ પુસ્તકોના ૪૫,૦૦૦ પૃષ્ઠોનું વાંચન કરવામાં આવ્યું હતું. આ તમામ ભક્તિ વ્રતો દ્વારા સ્વામીશ્રીના આગમનને સ્મરણિય બનાવવામાં આવ્યું હતું.

# ફાયર પ્રિવેન્શન વિંગ'ની રચના અને ફાયર ફાઈટરોની નવી ભરતીને મંજૂરી

**વરસાદી** ગટર, પાણીની લાઈનો અને કચરાના નિકાલ માટે કરોડોના ખર્ચને બહાલી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સાપ્તાહિક બેઠક આજે યોજાઈ હતી, જેમાં શહેરના વિકાસ અને વહીવટી પ્રક્રિયાને વેગ આપવા માટે વિવિધ 20 દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. લાંબી ચર્ચા-વિચારણાના અંતે સમિતિ દ્વારા 19 દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે એક મહત્વની દરખાસ્ત ટેકનિકલ કારણોસર પરત કરવામાં આવી છે.

શહેરની સુરક્ષા અને ફાયર સેફ્ટીના નિયમોના કડક અમલીકરણ માટે 'ફાયર પ્રિવેન્શન વિંગ'ની રચના કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ નવી વિંગ માટે ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરથી લઈને ફાયરમેન અને ક્લાર્ક સુધીની કુલ 34 નવી જગ્યાઓનું મહેકમ ઊભું કરવામાં આવશે.

શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ ઘટાડવા માટે 'એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ 2023' અંતર્ગત ખસીકરણ અને રસીકરણની કામગીરીને મંજૂરી અપાઈ છે. આ સાથે જ, ચારેય ઝોનમાં શ્વાન માટે શેલ્ટર હોમ બનાવવાની અને નવી ડોગ-વાન તથા બોલેરો ગાડીઓ ખરીદવાની પણ વિચારણા કરવામાં આવી છે. જોકે, આ માટેના મોટા ખર્ચને ધ્યાને રાખી અલગથી ટેન્ડર પ્રક્રિયા કરીને નવી દરખાસ્ત રજૂ કરવા જણાવાયું છે.

વડોદરા કોર્પોરેશનમાં આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર (વર્ગ-1 અને 2) ની જગ્યાઓની લાયકાતમાં સુધારો કરવા અને સીધી ભરતી અંગેની દરખાસ્ત કમિશનરના પત્રના આધારે પરત ખેંચવામાં આવી છે.

## બેઠકમાં મહત્વના નિર્ણયો પણ લેવાયા

- ગટર અને સફાઈ: ફતેગંજ વિસ્તારમાં આરસીસી કવર વરસાદી ચેનલ બનાવવા માટે 2.45 કરોડના કામને મંજૂરી અપાઈ. ઉત્તર અને પૂર્વ ઝોનમાં વરસાદી ગટર સફાઈ માટે નાણાકીય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.
- પાણી પુરવઠો: શહેરના વિવિધ વોર્ડમાં પાણીની નવી લાઇનો નાખવા અને નિભાવણીના કામોને બહાલી અપાઈ. પીવાના પાણીના પ્રોજેક્ટ્સ માટે ચાર કન્સલ્ટન્ટ એજન્સીઓની નિમણૂક કરવામાં આવી છે.
- કચરાનો નિકાલ: મકરપુરા લેન્ડફિલ સાઈટ ખાતે 2 લાખ મેટ્રિક ટન ઘન કચરાના પ્રોસેસિંગ માટે મંજૂરી આપવામાં આવી છે.
- નવા પ્રોજેક્ટ્સ: સુભાનપુરામાં તોડી પડાયેલ અતિથિગૃહના સ્થાને 7.41 કરોડના ખર્ચે નવું આધુનિક અતિથિગૃહ બનાવવાની દરખાસ્ત મંજૂર થઈ છે.

**માજી ધારાસભ્ય મધુભાઈનો 'શ્રીવાસ્તવ' સ્ટાઈલમાં ઝાટકો**

# 'અધિકારીઓ ખોટા કામ નહીં કરે, હિંમત હોય તો રાજીનામું આપી ફરી ચૂંટણી લડી બતાવો'

**"પ્રજાના** નહીં, પોતાના જમીન-બિલ્ડિંગ અને પેટ્રોલ પંપના ધંધા માટે અધિકારીઓ પર દબાણ કરાય છે"

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરાના ધારાસભ્યો અને વહીવટી તંત્ર વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહમાં હવે વાઘોડિયાના પૂર્વ ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવ કૂદી પડ્યા છે. વડોદરાના ધારાસભ્યોએ અધિકારીઓ વિરુદ્ધ મુખ્યમંત્રીને પત્ર લખીને કરેલી રજૂઆત પર આકરી પ્રતિક્રિયા આપતા મધુભાઈએ શાસક પક્ષના નેતાઓ પર આક્ષેપોની ઝડી વર્ષાવી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, અધિકારીઓ ખોટા કામો નહીં કરે, જો ધારાસભ્યોમાં હિંમત હોય તો રાજીનામું આપીને ફરી ચૂંટણી લડી બતાવે.

પૂર્વ ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવે આક્રમક મિજાજમાં જણાવ્યું હતું કે, વડોદરા શહેર અને જિલ્લાના કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી અને પોલીસ વડા અત્યંત ઈમાનદાર છે. તેઓ નિયમ મુજબ જ કામ કરી રહ્યા છે. જે ધારાસભ્યો અધિકારીઓ સામે બળાપો કાઢી રહ્યા છે તેઓ વાસ્તવમાં પ્રજાના કામો માટે નહીં, પરંતુ પોતાના અંગત સ્વાર્થ અને ધંધાકીય હિતો સાધવા માટે દબાણ કરી રહ્યા છે. મધુભાઈએ ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, કેટલાક ધારાસભ્યો જમીન લે-વેચ, બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન અને પેટ્રોલ પંપ જેવા ધંધાઓમાં સંડોવાયેલા છે. જ્યારે અધિકારીઓ તેમના આ ધંધાકીય કામોમાં સાથ નથી આપતા, ત્યારે તેઓ 'કામ થતા નથી' તેવી બુમરાણ મચાવે છે. તેમણે ઉમેર્યું કે ભાજપમાં કોઈ પણ કામ દબાણ કે ધાક-ધમકીથી નહીં, પરંતુ પ્રેમથી થાય છે. જો અધિકારીઓ વાત ન માનતા હોય તો તેવા ધારાસભ્યોએ પદ પર રહેવાનો કોઈ હક નથી; તેઓએ રાજીનામું આપી પ્રજા વચ્ચે જવું જોઈએ.

### સત્તાના નશામાં પ્રજા વિસરાઈ? : મધુ શ્રીવાસ્તવ



મધુભાઈ શ્રીવાસ્તવે વડોદરાના ધારાસભ્યોના અસ્તિત્વ પર સવાલ ઉઠાવતા એક ખાસ ફકરામાં જણાવ્યું કે, "ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રજાના સેવક હોય છે, માલિક નહીં." તેમણે ટકોર કરી હતી કે ધારાસભ્યો જનતાના પાયાના પ્રશ્નો ઉકેલવાને બદલે સચિવાલય સુધી પત્રો લખીને અધિકારીઓને બદનામ કરવાનું બંધ કરે. જો તમારામાં જનતાનો વિશ્વાસ હોય, તો દબાણની રાજનીતિ કરવાને બદલે પદ છોડીને મેદાનમાં આવો. પ્રજાના કામ કરવામાં નિષ્ફળ ગયેલા નેતાઓ હવે વહીવટી તંત્રને નિશાન બનાવી પોતાની નિષ્ફળતા છુપાવી રહ્યા હોવાનો સુર પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

**વડોદરામાં 'મફતિયા' ટોળકીનો આતંક:**

# ગોત્રીના કાફેમાં ધરાઈને નાસ્તો કર્યો, બિલ આપવાના સમયે સ્ટાફને છેતરીને રફુચક્કર !

**પાર્સલનો** ઓર્ડર આપી સ્ટાફને કામમાં ઉલઝાવ્યો અને નજર ચૂકવી ચાર યુવકો ભાગી છૂટ્યા; સીસીટીવીમાં કેદ થઈ કરતૂત

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા સંસ્કારી નગરી વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી નાના વેપારીઓને નિશાન બનાવતી ટોળકીઓ સક્રિય થઈ હોય તેવું લાગી રહ્યું છે. શહેરના ગોત્રી રોડ પર આવેલા એક જાણીતા કાફેમાં ચાર યુવકો ધરાઈને નાસ્તો કર્યા બાદ સ્ટાફની નજર ચૂકવી બિલ ચૂકવ્યા વગર જ રફુચક્કર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર મામલે લક્ષ્મીપુરા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગોત્રી રોડ પર આવેલા ક્રિષ્ણા કોમ્પ્લેક્સમાં રાણી રાજ છત્રાણી 'બાઈટિંગ કોર્નર' નામનું કાફે ચલાવે છે. ગત 13 જાન્યુઆરી 2026ના રોજ સાંજે આશરે 5:21 વાગ્યે ચાર યુવકોનું એક જૂથ કાફે પર આવ્યું હતું. આ ચારેય યુવકોએ કાફેમાં બેસીને ખાણીપીણીનો ઓર્ડર આપ્યો અને શાંતિથી નાસ્તો કર્યો હતો.

નાસ્તો પૂરો કર્યા બાદ, આ યુવકોએ વધુ નાસ્તો પાર્સલ કરાવવાનો ઓર્ડર આપ્યો હતો. જ્યારે કાફેનો સ્ટાફ પાર્સલ તૈયાર કરવામાં અને અન્ય ગ્રાહકોને સંભાળવામાં વ્યસ્ત હતો, ત્યારે આ તકનો લાભ ઉઠાવી ચારેય યુવકો બિલ ચૂકવ્યા વગર જ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. નવાઈની વાત એ છે કે તેઓએ છેલ્લે ઓર્ડર કરેલું પાર્સલ પણ લીધું નહોતું અને સ્ટાફને છેતરીને ત્યાંથી નીકળી ગયા હતા. આ સમગ્ર ઘટના સાંજે 5:21 થી 5:53 વાગ્યાના સમયગાળા દરમિયાન બની હતી. કાફે માલિકે આ અંગે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે કાફેમાં લાગેલા સીસીટીવી ફૂટેજ મેળવીને તેના આધારે ચારેય મફતિયા યુવકોની ઓળખ કરવા અને તેમને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે. કાફે સંચાલકે માંગ કરી છે કે આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં અન્ય નાના વેપારીઓ આવી છેતરપિંડીનો ભોગ ન બને. શહેરમાં બનેલી આ ઘટનાને પગલે અન્ય વેપારીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.




**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

માંજલપુર ૩૬.૦ મી. બ્રોડગેજ રેલ્વે ક્રોસીંગથી બીલ્લાબોંગ સ્કુલ તરફના રસ્તે નવીન ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે ઇજારદાર દ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે શુભ એંકલેવથી વિશ્વામિત્રી તરફ જતા રસ્તા પર ડાબી બાજુના કેરેજ-વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે કામગીરીવાળા કેરેજ-વેના કામગીરી સિવાયના ભાગનો, જમણી બાજુના કેરેજ-વે નો તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No. ૧૦૪૩/૨૫-૨૬ ડ્રેનેજ પ્રો. શાખા દ્વારા પ્રકાશિત


# ચેમ્બર ઓફ કોમર્સની થિંક ટેંકના રાષ્ટ્રીય સલાહકાર તરીકે મુકુંદ પુરોહિતની નિયુક્તિ

**મુકુંદ** પુરોહિતને ઉત્પાદન, ટેક્નોલોજી અને ઉદ્યોગસાહસિક્તા વિકાસ જેવા ક્ષેત્રોમાં અનુભવ



(પ્રતિનિધિ) વડોદરા. તા.16

ભારતની એસએમઈ ચેમ્બર ઓફ કોમર્સ કે જે એક અગ્રણી ઉદ્યોગ સંસ્થા છે. જેના રાષ્ટ્રીય સલાહકાર તરીકે શહેરના મુકુંદ પુરોહિતની નિયુક્ત કરવામાં આવી છે. રાષ્ટ્રીય સલાહકાર તરીકે મુકુંદભાઈ ચેમ્બરના નેતૃત્વ સાથે મળીને એસએમઈ વિકાસને પ્રોત્સાહન આપવા, નીતિગત સુધારાઓની વકાલત કરવા અને ઉદ્યોગ સહયોગને વધારવા માટે કામ કરશે.

જે વિશે માહિતી આપતા ભારતની એસએમઈ ચેમ્બર ઓફ કોમર્સના સ્થાપક અને પ્રમુખ ચંદ્રકાંત સલુંખેએ જણાવ્યું હતું કે, મુકુંદ પુરોહિત એક અનુભવી ઉદ્યોગ નિષ્ણાત છે. જેમણે ઉત્પાદન, ટેક્નોલોજી અને ઉદ્યોગસાહસિકતા વિકાસ જેવા ક્ષેત્રોમાં અનુભવ છે. તેઓ એમએસએમઈ વિકાસના મજબૂત હિમાયતી રહ્યા છે અને વિવિધ સરકારી પહેલોમાં યોગદાન આપ્યું છે. એસએમઈ અને આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રમાં તેમના ૩૫ વર્ષથી વધુના અનુભવ અમારા મિશનને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ભારતની એસએમઈ ચેમ્બર ઓફ કોમર્સ ઉદ્યોગીક સંસ્થા છે. જે વિવિધ ક્ષેત્રોમાં ૧૦,૦૦૦થી વધુ એસએમઈનું પ્રતિનિધિત્વ કરે છે. તે નીતિગત હિમાયત, નેટવર્કિંગ અને એમએસએમઈ માટે ક્ષમતા નિર્માણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.**

CIN:U40102GJ2003SGC042909

ગ્રામ્ય વિભાગીય કચેરી, અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે, સં.નિ.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનના સદર ફીડર પર જેટકો ઓફીસ દ્વારા તથા દ.ગુ.વી.જ.કં.લી દ્વારા લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવિઝન | ફોલ્ટ સેંટર નં | તારીખ -વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૧૩૨ કે.વી વાલિયા | ૧૧ કેવી વાલિયા (ટી) ફીડર | વાલિયા | ૮૯૮૦૮૦૩૯૧૩ | ૧૮.૦૧.૨૦૨૬ રવિવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 2 | ૧૩૨ કે.વી વાલિયા | ૧૧ કેવી ગ્રીન બેરી | વાલિયા | ૮૯૮૦૮૦૩૯૧૩ | ૧૮.૦૧.૨૦૨૬ રવિવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 3 | ૧૩૨ કે.વી વાલિયા | ૧૧ કેવી ભમડિયા | વાલિયા | ૮૯૮૦૮૦૩૯૧૩ | ૧૮.૦૧.૨૦૨૬ રવિવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 4 | ૧૩૨ કે.વી વાલિયા | ૧૧ કેવી સોડગમ ફીડર | વાલિયા | ૮૯૮૦૮૦૩૯૧૩ | ૧૮.૦૧.૨૦૨૬ રવિવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 5 | ૬૬ કે.વી અવિધા | ૧૧ કેવી રતનપોર જેજીવાય | ઝગડિયા | ૮૯૮૦૮૦૩૯૧૫ | ૧૯.૦૧.૨૦૨૬ સોમવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 6 | ૬૬ કે.વી નેત્રંગ | ૧૧ કે.વી કાવચીયા | નેત્રંગ | ૭૪૩૪૦૧૭૪૩૦ | ૨૧.૦૧.૨૦૨૬ બુધવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 7 | ૬૬કે.વી દન્ત્રાઈ | ૧૧ કે.વી સમલી જે.જી.વાય | હાંસોટ | ૮૯૮૦૮૦૩૯૧૪ | ૨૧.૦૧.૨૦૨૬ બુધવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 8 | ૬૬ કે.વી કોસંબા | ૨૨ કેવી ખરોદ કોસમડી | અંકલેશ્વર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૨૨.૦૧.૨૦૨૬ ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 9 | ૬૬કે.વી અંકલેશ્વર સી. | ૧૧ કે.વી દઢાલ જે.જી.વાય | ગડખોલ | ૦૨૬૪૬-૨૩૪૪૦૦ | ૨૪.૦૧.૨૦૨૬ શનિવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર(સં.નિ.),ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



**એચડીએફસી બેંક લિમિટેડ** — **પઝેશન નોટિસ**

HDFC BANK We understand your world

**શાખા :** ચોથો માળ, સી વિંગ, શીતલ વેસ્ટપાર્ક ઇમ્પેરિયા, આલ્ફા વન મોલ ઉપરાંત, વસ્ત્રાપુર તળાવ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૨

જ્યારે એચડીએફસી બેંક લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર (અગાઉની એચડીએફસી લિમિટેડે ૧૭ માર્ચ, ૨૦૨૩ ના રોજના આદેશ દ્વારા માનનીય એનસીએલટી - મુંબઇ દ્વારા મંજૂર કરાયેલ જોડાણની યોજનાના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ કર્યું હતું) (એચડીએફસી), સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ("કથિત એક્ટ") હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે, જેણે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં નીચેના ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ (ઓ) ને તેમના નામ સામે ઉલ્લેખિત રકમની ચૂકવણી કરવા માટે કહેવામાં આવ્યું હતું. ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખ કર્યા મુજબના દરો, ઉપરોક્ત નોટિસ/ની તારીખથી ૬૦ દિવસની અંદર, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચુકવણીની તારીખ અને / અથવા અનુભૂતિની તારીખ સુધી.

| ક્રમ નં. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી શેઠ આલય (ઉધાર લેનાર) શ્રીમતી શેઠ પારિલ (સહ-ઉધાર લેનાર) | Rs. 40,53,021/- dues as on 31-Jul-25* | ૧૮.૦૮.૨૦૨૫ | ૧૨.૦૧.૨૦૨૬ સિમ્બોલિક પઝેશન | ફ્લેટ-એન-૮૦૪, ૮મો માળ, ડવ ડેક, ટાવર એન, એસ નં. ૧૧, પી ૨, ઓપોઝિટ પાયોનિયર મેડિકલ કોલેજ, અમેરિકન સ્કૂલ ઓફ બરોડા પાસે, વડોદરા-અજવા રોડ, વડોદરા: ૩૯૦૦૧૯ |
| 2 | શ્રી શેઠ આલય (ઉધાર લેનાર) શ્રીમતી શેઠ પારિલ (સહ-ઉધાર લેનાર) | ૩૧.૦૭.૨૦૨૫ ના રોજ રૂ. ૪૦,૩૭,૫૭૬/- બાકી | ૧૮.૦૮.૨૦૨૫ | ૧૨.૦૧.૨૦૨૬ સિમ્બોલિક પઝેશન | ફ્લેટ-એન/૮૦૩, ૮મો માળ, ડવ ડેક, ટાવર એન, એસ નં. ૧૧, પી ૨, ઓપોઝિટ પાયોનિયર મેડિકલ કોલેજ, અમેરિકન સ્કૂલ ઓફ બરોડા પાસે, વડોદરા અજવા રોડ, વડોદરા: ૩૯૦૦૧૯ |

*લાગુ પડતું હોય તે રીતે વધુ વ્યાજ સાથે, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે ચૂકવણીની તારીખ અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી

જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો ભૌતિક કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે.

અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.

ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.

પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે અન્ડરસહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

એચડીએફસી બેંક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

તારીખ : ૧૬.૦૧.૨૦૨૬
સ્થળ : વડોદરા

રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક લિમિટેડ, એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ). મુંબઈ-૪૦૦૦૧૩. CIN: L65920MH1994PLC080618 વેબસાઇટ: www.hdfcbank.com